### શ્રી મહાવીર જૈન વિદ્યાલય - શેઠ શ્રી યુ.એન મહેતા વિદ્યાર્થી ગૃહ ખુલ્લાં મુકાયાં

# મુખ્યમંત્રીના હસ્તે વિદ્યાર્થી ગૃહનું ડિજીટલી લોકાર્પણ

ગાંધીનગર, તા. ૫

મુખ્યમંત્રી શ્રી વિજયભાઈ રૂપાણીએ કોમર્શિયલ હેતુ સિવાયના શૈક્ષણિક ધામો જેવાં કે હોસ્ટેલ, કોલેજ માટે રાજ્ય સરકાર માર્કેટ ભાવથી ૫૦ ટકાની કિંમતે જમીન ઉપલબ્ધ કરાવશે તેવી નેમ વ્યક્ત કરી છે.

તેમણે અમદાવાદના પાલડી ખાતે નવનિર્મિત શ્રી મહાવીર જૈન વિદ્યાલય- શેઠ શ્રી યુ.એન મહેતા વિદ્યાર્થી ગૃહનું ડિજિટલી લોકાર્પણ કરતા જણાવ્યું કે, જેમાં સમાજના પૈસા વપરાતાં હોય તેવી કોમર્શિયલ હેતુ સિવાયની શૈક્ષણિક પ્રવૃત્તિ માટે સરકાર બાંધકામ માટે



## કૉમર્શિયલ હેતુ સિવાયનાં શિક્ષણ ધામો બનાવવા માર્કેટ ભાવથી ૫૦ ટકાની કિંમતે જમીન આપવાની નેમ વ્યક્ત કરતાં મુખ્યમંત્રીશ્રી

જરૂરી વધારાની એફ. એસ. આઈ. પણ આપશે.

મુખ્યમંત્રીશ્રીએ કહ્યું કે, આજે શિક્ષણના વધતા વ્યાપ સાથે આનુષાંગિક વ્યવસ્થાઓનો પણ વિકાસ કરવો જરૂરી છે, ખાસ કરીને શહેરોમાં શિક્ષણની વધુ વ્યવસ્થાઓ હોવાથી વિદ્યાર્થીઓને રહેવા માટેની છાત્રાલયની સુવિધા વધે તે જરૂરી છે.

આ સંદર્ભમાં તેમણે કહ્યું કે, મોટા શહેરોમાં પેઈંગ ગેસ્ટમાં વિદ્યાર્થી રહેવાથી વાલીઓને ચિંતા રહેતી હોય છે, પરંતુ સમાજ દ્વારા સંચાલિત છાત્રાલયોમાં જરૂરી સુવિધાઓ સાથે અનુશાસન અને શિસ્ત હોવાથી વાલીઓને પોતાના બાળકોની ચિંતા રહેતી નથી. તેમણે કહ્યું કે, સરકાર અને સમાજ સાથે મળીને કાર્ય કરી રહ્યાં છે તે આનંદની વાત છે. સરકાર તમામ જગ્યાએ પહોંચી ન શકે તેવા સમયે સમાજનો સહકાર પણ ઈચ્છનીય હોય છે.

તેમણે રાજ્યમાં વધી રહેલી શૈક્ષણિક સ્થિતિનો ચિતાર આપી છેલ્લાં બે દાયકામાં રાજ્યમાં મરીન યુનિવર્સિટી થી માંડી રેલવે યુનિવર્સિટી તથા ઉચ્ચ શિક્ષણમાં વધેલી બેઠકોની વિગતો આપી હતી.

મુખ્યમંત્રીશ્રીએ ભવિષ્યના ભારતના ઘડતર માટે શિક્ષણ જરૂરી છે તેનો ઉલ્લેખ કરીને રાજ્યમાં નાગરિકોની સુવિધા વધે તે માટે સરકાર કાર્યરત છે, જેમાં સમાજના શ્રેષ્ઠીઓ પણ રચનાત્મક યોગદાન આપે તે માટેની વાંચ્છના કરી હતી.

## ધાનેરા લાઈબ્રેરી વિસ્તારમાં આવેલું વર્ષો જૂનું લીમડાનું વૃક્ષ ધરાશાયી

### પર્યાવરણ પ્રેમી માં નારાજગી : વૃક્ષ રાત્રિના સમય ધરાશાયી થતા મોટી જાનહાનિ ટળી



ધાનેરાના લાઈબ્રેરી વિસ્તારમાં વર્ષો જૂનું મહાકાય એક લીમડાનું વૃક્ષ આવેલો હતો અને આ લીમડાના વૃક્ષને લઈ તે જગ્યાનું નામ લીમડાચોક પડયું હતું પરંતુ આ વર્ષો જૂનું લીમડાનું વૃક્ષ મોડીરાત્રે અચાનક ધરાશાયી થતા પર્યાવરણ પ્રેમી માં નારાજગીનો માહોલ જોવા મળ્યો હતો તો બીજી તરફ આ વૃક્ષ રાત્રિના સમયે ધારાસભ્ય હતા મોટી જાનહાનિ ટળી હતી તો બીજી તરફ આ વૃક્ષ ધરાશાયી થતા વૃક્ષની નીચે રહેલી ચાની હોટલ તેમજ આજુ બાજુની દુકાનોમાં સામાન્ય નુકસાન થવા પામ્યું છે તો આ મહાકાય વૃક્ષ નીચે ગઈકાલે પાણીની પાઈપલાઈનમાં ભંગાણ પડતાં તેનું રીપેર કામ કરવામાં આવ્યું હતું અને તે રીપેર કામ કરતી વખતે ત્યાં જ ખોદકામ કરવામાં આવ્યું તેને લઈ આ લીમડાનું વૃક્ષ પડ્યો છે તેવું આજુ બાજુના સ્થાનિક લોકોએ જણાવ્યું હતું આ લીમડો કયા કારણોથી પડ્યો તેનું ચોક્કસ તો કોઈ કારણ જાણવા મળ્યું નથી પરંતુ આ લીમડો રાત્રિના સમયે પડતા મોટી જાનહાનિ ટળી છે જેને લઈ તંત્ર અને લોકો એ પણ રાહતનો શ્વાસ લીધો છે



ગાંધીનગર જિલ્લા મંડપ ઍસોસિએશનનો સ્નેહમિલન કાર્યક્રમ દહેગામ ખાતે યોજાયો હતો. આ કાર્યક્રમમાં મોટી સંખ્યામાં ઍસોસિએશનના સભ્યોએ ભાગ લીધો હતો.

## પાલનપુર ચાણક્યપુરી સોસાયટીમાં જાહેરમાં ગંદકી કરનારા ૭ રહિશોને નોટિસ

પાલનપુર નગરપાલિકા દ્વારા શહેરના હનુમાન ટેકરી વિસ્તારમાં આવેલી ચાણક્યપુરીમાં રહેતા ૭ રહિશોને જાહેરમાં ગંદકી કરવાના મુદ્દે નોટિસ ફટકારવામાં આવી હતી. આ કાર્યવાહીના પગલે જાહેરમાં ગંદકી કરતા લોકોમાં ફફડાટ પ્રસર્યો છે. પાલનપુરમાં ગંદા પાણીના નિકાલ માટે નગરપાલિકા દ્વારા ભૂર્ગભ ગટરો બનાવવામાં આવી છે. પરંતુ કેટલીક સોસાયટીના રહિશો દ્વારા જાહેરમાં ગંદકી કરવામાં આવતી હોય છે. જ્યાં હનુમાન ટેકરી વિસ્તારમાં આવેલી ચાણક્યપુરીમાં રહેતા રહીશો દ્વારા ઘર વપરાશનું ગંદુ પાણી જાહેરમાં ઢોળવામાં આવતું હોઇ ગંદકીના કારણે મચ્છરોનો ઉપદ્રવ થતો હતો. આથી અન્ય રહિશોનું આરોગ્ય કથળે તેવી ભિતી હતી. જ્યાં નગરપાલિકાની ટીમ દ્વારા તપાસ કરી ૭ રહિશોને જાહેરમાં ગંદકી કરવાના મુદ્દે નોટિસ ફટકારવામાં આવી હતી. આ કાર્યવાહીના પગલે જાહેરમાં ગંદકી કરતા લોકોમાં ફફડાટ પ્રસર્યો છે.



કોલવડા સ્થિત નીલકંઠ મહાદેવ મંદિર ખાતે શિવકથાના પ્રારંભ પ્રસંગે પોથી યજમાન ઘનશ્યામસિંહ વાઘેલાના નિવાસસ્થાનેથી કથાસ્થળે લાવવામાં આવી હતી. ભારતી બાપુએ કથાના પ્રથમ દિવસે કથાનુ મહાત્મય ઉપસ્થિત સૌને સમજાવ્યુ હતુ. આ પ્રસંગે મોટી સંખ્યામાં શિવભક્તો જોડાયા હતા.

### યુદ્ધના ભણકારા

● અનુસંધાન પહેલાનું ચાલુ

ખૂબ જ ખતરનાક હશે. અમેરિકા હવે વધારે ધમકીઓ નહીં આપે. ટ્રમ્પે અમેરિકા ઈરાનમાં કયા સ્થળો પર હુમલા કરશે એ જણાવ્યું નથી. અમેરિકી દળોએ ગયા શુક્રવારે બગદાદ ઈન્ટરનેશનલ એરપોર્ટ પર ડ્રોન વડે કરેલા હવાઈ હુમલામાં ઈરાકના ઉગ્રવાદીઓને સમર્થન આપતા ઈરાનના લશ્કરી કમાન્ડર કાસીમ સુલેમાની તથા ઈરાકના ઉગ્રવાદી નેતા અબુ માહદી અલ-મુહાન્ડીસ માર્યા ગયા હતા. અબૂલ ફૈઝલે એમ પણ કહ્યું છે કે અમે અમેરિકાના આ કૃત્યનો જવાબ આપવા માટે શાંતિથી અમારો પ્લાન બનાવીશું અને જોરદાર ફટકો મારીશું.

### ફાળવણી

● અનુસંધાન પહેલાનું ચાલુ

એનસીપીના અનિલ દેશમુખને રાજયના નવા ગૃહ પ્રધાન બનાવવામાં આવ્યા છે.

મહારાષ્ટ્ર કોંગ્રેસ એકમના પ્રમુખ બાળાસાહેબ થોરાતને મહેસૂલ ખાતાની જવાબદારી સોંપવામાં આવી છે. કોંગ્રેસના નેતા અને ભૂતપૂર્વ મુખ્ય પ્રધાન અશોક ચવ્હાણ બન્યા છે સાર્વજનિક બાંધકામ પ્રધાન.

શિવસેનાના વરિષ્ઠ નેતા સુભાષ દેસાઈ રાજ્યના નવા ઉદ્યોગ પ્રધાન બન્યા છે. એનસીપીના છગન ભુજબળને અન્ન અને નાગરી પુરવઠા પ્રધાન બનાવાયા છે. આ જ પાર્ટીના જિતેન્દ્ર આવ્હાડને ગૃહનિર્માણ અને ધનંજય મુંડેને સામાજિક ન્યાય ખાતાની જવાબદારી આપવામાં આવી છે.

### વાતો કરી નથી

● અનુસંધાન પહેલાનું ચાલુ

કરશે પરંતુ અમિત શાહે પોતાના ભાષણમાં તેમને ગાળો આપવા સિવાય કોઈ કામની વાત કરી ન હતી. દિલ્હી માટે તેમની પાસે કોઈ સલાહ અથવા તો સૂચનો રહેલા છે તો અમે તેને પાળવા માટે તૈયાર છીએ અને આ સૂચનોને આગામી પાંચ વર્ષ દરમિયાન અમલી કરીશું.

### તોફાનો કરાવ્યા

● અનુસંધાન પહેલાનું ચાલુ

કોંગ્રેસની સરકારો તેમના ઘા ઉપર મલમપટ્ટી કરવામાં સફળ રહી ન હતી. મોદી સરકારે દરેક પીડિતને પાંચ-પાંચ લાખ રૂપિયાનું વળતર આપ્યું છે. સાથે સાથે દોષિતોને જેલ ભેગા કર્યા છે. અમિત શાહે પાકિસ્તાનના નનકાના સાહેબ ગુરુદ્વારામાં હુમલાના બહાને વિપક્ષી દળો ઉપર પ્રહાર કર્યા હતા. તેમણે કહ્યું હતું કે, કેજરીવાલ, રાહુલ ગાંધી, સોનિયા ગાંધી હવે આંખ ખોલીને જોઈ શકે છે. પાકિસ્તાનના નનકાના સાહેબ જેવા પવિત્ર સ્થળ ઉપર હુમલા કરીને શીખ સમુદાયના લોકોને ભયભીત કરવાના પ્રયાસો થયા છે. રામજન્મ ભૂમિના મામલે પણ અમિત શાહે વિપક્ષો ઉપર પ્રહાર કર્યા હતા. તેમણે કહ્યું હતું કે, કોંગ્રેસ રામ જન્મભૂમિના મામલે વર્ષો સુધી મામલાને રોકવાના પ્રયાસ કર્યા હતા. કોર્ટમાં આનો વિરોધ કરવામાં આવતો હતો. સુપ્રીમ કોર્ટે હવે ચુકાદો આપી દીધો છે કે, રામ જન્મભૂમિ ઉપર જ મંદિરનું નિર્માણ થવું જોઈએ જે દેશના કરોડો લોકોની ઈચ્છા હતી. શાહે દિલ્હીમાં કાચી વસ્તીને પાકી કરવાને લઈને રાજકીય ઘમસાણના મુદ્દે વિપક્ષો ઉપર પ્રહાર કર્યા હતા. તેમણે ઉમેર્યું હતું કે, તમામ પક્ષો ગેરકાનૂની કોલોની સાથે રાજનીતિ રમી રહ્યા હતા. નરેન્દ્ર મોદીએ એક ઝટકામાં જ તમામ અનઅધિકૃત કોલોનીને સત્તાવાર બનાવી દીધી છે.

### કાયદો અને કાનૂન

● ચોથા પાનાનું ચાલુ

હિન્દુઓ લઘુમતીમાં ગણવામાં આવ્યા છે પરંતુ કર્ણાટકમા કન્નડ ભાષા શાળાઓમાં ભણાવતા સરકારી હુકમને બંધારણની કલમ ૨૯ તથા ૩૦ ના ભંગ સમાન ગણી રદ કરવામાં આવ્યો હતો પરંતુ કન્નડ ભાષાને મરજીયાત રીતે અન્ય ભાષા સાથે ભણાવવા માટે અદાલતે માન્યતા આપેલ. બંધારણની કલમ ૩૦(૧) મુજબ સંસ્થાના વહિવટને સરકાર દ્વારા બહારથી હસ્તક્ષેપ ઉપર નિયંત્રણ મુકવામાં આવેલ છે જયારે સ્થાપકોની ઈચ્છા મુજબ આવી સંસ્થાના નિયમો ઘડી તેનું પાલન કરાવી શકે છે. સંચાલકોની કોઈપણ બાબતનો અધિકાર સંસ્થા પાસેથી લઈને સરકાર અન્યને સોંપી શકતી નથી જે નિયમો તથા બંધારણની કલમનો લાભ જે.એન.યુ. જેવી સંસ્થાઓ વારંવાર લઈ સરકારના નિયંત્રણને તાબે થતી નથી.

### ટ્રાફિક જામના દશ્યો

● અનુસંધાન છેલ્લાનું ચાલુ

પણ મુલાકાતીઓનો સતત ધસારો રહેવા પામ્યો હતો. ત્રણ દિવસની સમિટનું રવિવારે સાંજે સમાપન થયુ હતુ. અંતિમ દિવસે રવિવાર હોવાને કારણે મુલાકાતીઓની સંખ્યા સ્વાભાવિક રીતે જ વધુ જોવા મળી હતી અને ખાસ કરીને સાંજના સમયે જ્યારે સમિટનું સમાપન થયું ત્યારે ટ્રાફિકમાં ભારે ચહલપહલ સાથે અનેક ઠેકાણે ટ્રાફિતજામના દશ્યો જોવા મળ્યાં હતા. સેક્ટર-૧૭ એક્ઝિબીશન હોલની આસપાસ ચ-રોડ પર જિલ્લા પંચાયત નજીક તથા ઘ-રોડ પર સેક્ટર-૧૬/૧૭ની ચોકડી તેમજ ઘ-૪ સર્કલ વગેરે સ્થળો ઉપરાંત શહેરને જોડતા સર્કલો જેવા કે ચ-૦ સર્કલ, રક્ષાશક્તિ સર્કલ, ઈન્ફોસિટી સર્કલ અને સરગાસણ ચાર રસ્તા જેવા મહત્વના પોઈન્ટ પર પણ વારંવાર ટ્રાફિકજામના દશ્યો જોવા મળ્યાં હતા.


